# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 11-07-2025** **Evening : 7.10 to 7.20 pm**

**Day : Friday** **Regional News**

આકાશવાણી અમદાવાદ- વડોદરા પ્રાદેશિક સમાચાર **યશ્વી મહેતા** વાંચે છે.

---

1. માર્ગ અને મકાન વિભાગની ઉચ્ચ સ્તરની સમિતિ 30 દિવસમાં સરકારને વડોદરાની ગંભીરા બ્રિજ દુર્ઘટનાનો વિસ્તૃત અહેવાલ સોંપશે
2. કેન્દ્રીય શિક્ષણ રાજ્યમંત્રીએ રાષ્ટ્રીય શિક્ષણ નીતિને મુખ્ય પ્રવાહમાં લાવવા પગલા લેવા કુલપતિઓને હાકલ કરી.
3. વાહનવ્યવહાર રાજ્યમંત્રી હર્ષ સંઘવીએ કહ્યું, રાજ્યમાં દરરોજ 30 લાખ મુસાફરો S.T. બસની સવારી કરી શકે તેવી વ્યવસ્થા કરાશે
4. ઉત્તરાખંડના પ્રતિનિધિ મંડળે ત્રણ દિવસની મુલાકાત દરમિયાન રાજ્યના સહકાર મૉડેલનો અભ્યાસ કર્યો
5. રાજ્યના 61 તાલુકામાં વરસાદ, આવતીકાલે નવસારી, વલસાડ, દમણ, દાદરા અને નગરહવેલીમાં ભારે વરસાદની આગાહી.

---------------------------------------

(સમાચારને અંતે)

(આકાશવાણી અમદાવાદ –વડોદરા કેન્દ્ર પરથી પ્રાદેશિક સમાચાર પૂરા થયા)

હવે પછી આપ રાત્રિના 7 વાગીને 50 મિનિટે રાષ્ટ્રીય સમાચાર સાંભળી શકશો.

# VADODARA BRIDGE UPDATE

માર્ગ અને મકાન વિભાગની ઉચ્ચ સ્તરની સમિતિ 30 દિવસમાં વડોદરાની ગંભીરા બ્રિજ દુર્ઘટનાનો વિસ્તૃત અહેવાલ આપશે. સમિતિના પ્રાથમિક અહેવાલ મુજબ, બ્રિજના સાંધા તૂટી જવાના કારણે આ દુર્ઘટના સર્જાઈ છે. શ્રી પટેલે કહ્યું, ટૅક્નિકલ અને વહીવટી કારણો સાથેનો તપાસ અહેવાલ મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલને સોંપાયા બાદ અન્ય નિર્ણયો લેવાશે.

દુર્ઘટનાસ્થળની મુલાકાત દરમિયાન માધ્યમોને માહિતી આપતા પ્રવક્તા મંત્રી ઋષિકેશ પટેલે આજે આ વાત કહી.

**(BYTE- RUSHIKESH PATEL, HEALTH MINISTER)**

. . . . . . . . . . .

# SoU UNIVERSITIES SAMMELAN

કેન્દ્રીય શિક્ષણ રાજ્યમંત્રી ડૉક્ટર સુકાંત મજુમદારે કેન્દ્રીય વિશ્વ-વિદ્યાલયોના કુલપતિઓને રાષ્ટ્રીય શિક્ષણ નીતિ 2020ને મુખ્ય પ્રવાહમાં લાવવા મુખ્ય પગલા લેવા હાકલ કરી. તેમણે કુલપતિઓને દેશના બૌદ્ધિક ભાગ્યના મશાલવાહક પણ ગણાવ્યા. નર્મદાના કેવડિયામાં કેન્દ્રીય વિશ્વ-

વિદ્યાલયોના 2 દિવસના સંમેલનના સમાપન સમારોહમાં શ્રી મજુમદારે આ વાત કહી.

શિક્ષણ મંત્રાલય દ્વારા રાષ્ટ્રીય શિક્ષણ નીતિ- 2020ના અમલીકરણના પાંચ વર્ષ નિમિત્તે યોજાયેલા રાષ્ટ્રીય શિક્ષણ નીતિ સાથે વ્યૂહાત્મક ગોઠવણી, જ્ઞાન વિનિમય, આગામી આયોજન અને તૈયારી પર કેન્દ્રીત ચર્ચા થઈ.

. . . . . . . . . . .

# PURAK PARIKSHA PARINAM

રાજ્યમાં જૂન-જુલાઈ મહિનામાં લેવાયેલી ધોરણ 12 વિજ્ઞાન પ્રવાહની પૂરક પરીક્ષાનું પરિણામ આવતીકાલે સવારે આઠ વાગ્યે જાહેર કરાશે. વિદ્યાર્થીઓ ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતરમાધ્યમિક શિક્ષણ બૉર્ડની વેબસાઈટ WWW.GSEB.ORG પર પોતાનું પરિણામ જોઈ શકશે. ઉપરાંત વિદ્યાર્થીઓ વ્હૉટ્સ એપ નંબર 63573000971 પર પણ પોતાનો પૂરક પરીક્ષા 2025નો બેઠક ક્રમાંક મોકલીને પરિણામ મેળવી શકશે, તેમ શિક્ષણ બૉર્ડની યાદીમાં જણાવાયું છે.

. . . . . . . . . . .

# COURT TECHNOLOGY

સરકારે રાજ્યની ન્યાયિક પ્રણાલિને ટેક્નોલૉજીયુક્ત બનાવવાનો નિર્ણય કર્યો છે. તે અંતર્ગત રાજ્યમાં જિલ્લા ન્યાયતંત્રના એક હજાર 200 ન્યાયાધીશને 80 હજાર રૂપિયાના ટૅબલેટ અને 20 હજાર રૂપિયાના પ્રિન્ટર અપાશે. આ માટે નાણાકીય વર્ષ 2025-26ના અંદાજપત્રમાં 15 કરોડ રૂપિયાની જોગવાઈ મંજૂર કરવામાં આવી છે. પ્રસ્તુત છે એક અહેવાલ.

(V/C- HEMANGINI SONARA)

*(.... દેશના નવા ત્રણ ફોજદારી કાયદાએ ભારતીય ન્યાય સંહિતા, ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા અને ભારતીય સાક્ષ્ય અધિનિયમના અસરકારક અમલીકરણ માટે જિલ્લા ન્યાયતંત્રના ન્યાયાધીશોને અદ્યતન ટૅક્નોલૉજીના સાધન આપવાનો નિર્ણય કરાયો છે. આ નિર્ણયથી ન્યાયિક અધિકારીઓને તેમના કાર્યમાં ટૅક્નોલૉજીનો ઉપયોગ કરીને વધુ કાર્યક્ષમતા અને ચોક્સાઈ લાવવામાં મદદ મળશે. આ પહેલ નાગરિકોને ઝડપી અને પારદર્શક ન્યાય અપાવવાના લક્ષ્યને વેગ આપશે. તેમજ આ પહેલ ઈ-કૉર્ટ મિશન મૉડ અને કેન્દ્ર તથા રાજ્ય સરકારની “ન્યાય કરવામાં સરળતાની” નીતિના ભાગરૂપે કરવામાં આવી છે.)*

*સમાચાર વિભાગથી હેમાંગિની સોનારા, આકાશવાણી, અમદાવાદ)*

. . . . . . . . . . .

# NIMNUK PATRA

વાહનવ્યવહાર રાજ્યમંત્રી હર્ષ સંઘવીએ કહ્યું, વર્ષ 2027 પહેલા રાજ્યમાં દરરોજ 30 લાખ મુસાફરો એસ. ટી. બસની સવારી કરી શકે તે પ્રકારની વ્યવસ્થા કરાશે. ગાંધીનગરમાં મહાત્મા મંદિર ખાતે એસ. ટી.

નિગમના કંડક્ટર કક્ષાના ઉમેદવારો અને પાણી પૂરવઠા વિભાગના વિવિધ સંવર્ગના અધિકારીઓના નિમણૂકપત્ર એનાયત સમારોહમાં શ્રી સંઘવીએ આ વાત કહી.

તેમણે કહ્યું, આગામી એક વર્ષમાં કોઈ પણ વ્યક્તિએ ખાનગી વાહનોમાં મુસાફરી ન કરવી પડે તેવી વ્યવસ્થા કરવાનું રાજ્ય સરકારનું લક્ષ્ય છે. તેમજ રાજ્યમાં આ વર્ષે અન્ય 20 બસમથક શરૂ કરાશે. મુસાફરોની ફરિયાદોનો નિકાલ કરવા એસ. ટી. વિભાગ કટિબદ્ધ હોવાનું પણ શ્રી સંઘવીએ ઉમેર્યું.

**(BYTE- HARSH SANGHAVI, MINISTER OF STATE TRANSPORT)**

. . . . . . . . . . .

# MID BREAK- NEWS- REGIONAL

આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ-વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો. આ સમાચારનું જીવંત પ્રસારણ આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/GU અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલો કરશો.

(ગોન્ગ મ્યુઝિક)

....................................

# UTTARAKHAND TEAM VISIT

રાજ્યના સહકાર મૉડેલના અભ્યાસ માટે ઉત્તરાખંડના ઉચ્ચ અધિકારીઓના પ્રતિનિધિ મંડળે ગુજરાતની મુલાકાત લીધી. ત્રણ દિવસની મુલાકાતના છેલ્લા દિવસે આજે ગાંધીનગરમાં સહકાર રાજ્યમંત્રી જગદીશ વિશ્વકર્માએ ઉત્તરાખંડના સહકાર મંત્રી ડૉક્ટર ધનસિંઘ રાવત અને પ્રતિનિધિ મંડળને વિસ્તૃત માહિતી આપી.

દરમિયાન ઉત્તરાખંડે દેશની પ્રથમ ત્રિભુવન સહકાર વિશ્વ-વિદ્યાલયનું એક પરિસર ઉત્તરાખંડમાં શરૂ કરવાની અને રાજ્યના સહકાર વિભાગ સાથે કરાર કરવાની ઈચ્છા દર્શાવી છે. સહકાર ક્ષેત્રે ગુજરાતમાં થયેલા કામ અન્ય રાજ્યમાં થાય તો દેશ ઘણો આગળ વધશે તેવો વિશ્વાસ શ્રી રાવતે વ્યક્ત કર્યો

ઉલ્લેખનીય છે કે, પ્રતિનિધિ મંડળે અમૂલ ડેરી, ત્રિભુવન સહકારી વિશ્વ-વિદ્યાલય, G.S.C. બૅન્ક જેવી સંસ્થાઓની પણ મુલાકાત લીધી હતી.

. . . . . . . . . . .

# CM JAPAN AMBASSADOR

જાપાનના રાજદૂત શ્રીયુત એનો કેઈચીએ રાજ્યમાં કાર્યરત્ જાપાનીઝ કંપનીઓને સરકારના સહયોગ અંગે આભાર વ્યક્ત કર્યો. મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ સાથેની સૌજન્ય મુલાકાતમાં શ્રી કેઈચીએ આજે આ વાત કહી. તેમણે સેમિકન્ડક્ટર ક્ષેત્રમાં શ્રેષ્ઠ માળખું તૈયાર કરવા

જાપાનની મિઝૂહો બૅન્ક દ્વારા ધોલેરા અને જાપાનના સેમિકૉન પાર્કમાં સરવે કરવામાં આવી રહ્યો હોવાનું જણાવ્યું.

દરમિયાન શ્રી પટેલે કહ્યું, સેમિકૉન ક્ષેત્રને વિશેષ મહત્વ આપીને રાજ્ય સરકાર નિશ્ચિત સમયમાં વૈશ્વિક કક્ષાનું માળખું પૂરું પાડવા કામ કરી રહી છે. તેમણે ગુજરાતને જાપાનનું બીજું ઘર પણ ગણાવ્યું.

. . . . . . . . . . .

# WEATHER

હવામાન વિભાગે આવતીકાલે નવસારી, વલસાડ, દમણ, દાદરા અને નગરહવેલીમાં છૂટાછવાયા સ્થળ પર ભારે વરસાદની આગાહી કરી છે. દરમિયાન દરિયાકાંઠાએ 30થી 40 કિલોમીટર પ્રતિ કલાકની ઝડપે પવન ફૂંકાવવાની શક્યતાને લઈ માછીમારોને દરિયો ન ખેડવા ચેતવણી અપાઇ છે. ઉપરાંત સૌરાષ્ટ્રમાં 13 જુલાઈ બાદ વરસાદની તીવ્રતા વધી શકે છે તેમ હવામાન ખાતાના નિયામક ડૉક્ટર એ. કે. દાસે જણાવ્યું.

(BYTE- DR. A. K. DAS, DIRECTOR, IMD AMDAVAD)

દરમિયાન રાજ્યમાં આજે સાંજે ચાર વાગ્યા સુધીમાં 61 તાલુકામાં વરસાદ થયો છે. સૌથી વધુ એક ઇંચ  જેટલો વરસાદ તાપી જિલ્લાના ડોલવણ તાલુકામાં નોંધાયાના અહેવાલ છે. આ સાથે રાજ્યમાં અત્યાર સુધી મોસમનો કુલ સરેરાશ  48 ટકા જેટલો વરસાદ થયો છે.

. . . . . . . . . . .

# ROAD CLOSE

રાજ્યમાં વરસાદના કારણે ક્ષતિગ્રસ્ત થયેલા માર્ગોનું સમારકામ ચાલી રહ્યું છે.

ડાંગમાં ભૂસ્ખલન તેમજ માર્ગ અને બ્રિજને થતું નુકસાન પૂર્વવત્ કરવા માર્ગ અને મકાન વિભાગ દ્વારા 13 ટુકડી તહેનાત કરવામાં આવી છે. આ ટુકડી એક હજાર 27 કિલોમીટરના રસ્તાનું સમારકામ કરશે.

સાબરકાંઠામાં 34 કિલોમીટર જેટલા અને મોરબીમાં મહેન્દ્ર ચોકડી પાસે રસ્તાનું સમારકામ કરાયું.

છોટા ઉદેપૂરમાં રાષ્ટ્રીય ધોરીમાર્ગ 56ના બોડેલી - છોટા ઉદેપુર તેમજ બોડેલીથી સ્ટેચ્યુ ઓફ યુનિટીને જોડતો ઓરસંગ બ્રિજ ભારે વાહનો માટે બંધ કરાયો છે. આ અંગે જિલ્લા કલેકટર ગાર્ગી જૈનએ વધુ માહિતી આપી.

(બાઇટ (ગાર્ગી જૈન,કલેક્ટર, છોટાઉદેપુર)

મહીસાગર કલેકટર દ્વારા મહીસાગર નદી પર આવેલા હાડોડ, તંત્રોલી સહિત ત્રણ પુલનું નિરીક્ષણ કરી તેના સમારકામ માટે સૂચના આપવામાં આવી.

બનાસકાંઠામાં કલેકટર મિહિર પટેલે રતનપુર - મેરવાડા બ્રિજનું નિરીક્ષણ કર્યું. જ્યારે ભરૂચના કલેકટરે જંબુસર-આમોદને જોડતા ઢાઢર નદી પરના બ્રિજની મુલાકાત લઈ નિરીક્ષણ કર્યું. તેમજ બ્રિજ પર ભારે વાહનોની અવર જવર પર પ્રતિબંધ લગાવ્યો.

વલસાડ જિલ્લા પંચાયતના માર્ગ અને મકાન વિભાગ દ્વારા નદીઓ, નાળાઓ અને ચેકડેમ પર આવેલા બ્રિજનું નિરીક્ષણ કરાયું.

અમદવાદ જિલ્લા માર્ગ અને મકાન વિભાગ દ્વારા ધોળકા તથા સાણંદ સહિતના તાલુકાઓમાં 35 કિલોમીટરથી વધુના માર્ગોનું સમારકામ કરાયું..

. . . . . . . . . .

# ROAD DIVERSION

ભરૂચથી સુરત સુધીના રાષ્ટ્રીય ધોરીમાર્ગ 48 પર તાપી બ્રિજના વિસ્તરણ જોડાણનું સમારકામ શરૂ કરવાનો નિર્ણય કરાયો છે. આ કામ આગામી 10 ઑગસ્ટ સુધીમાં પૂર્ણ કરાશે. રાજ્યકક્ષાના મંત્રી પ્રફૂલ પાનશેરીયાએ સોશિયલ મીડિયા પર આ માહિતી આપતા જણાવ્યું, બ્રિજના સમારકામ દરમિયાન તાપી બ્રિજની જમણી બાજુથી જતા વાહનો માટે હાલનો રસ્તો યથાવત્ ચાલુ રહેશે.

. . . . . . . . . . .

# AVIATION MINISTER MEETING

રાજ્યના નાગરિક ઉડ્ડયન મંત્રી બળવંતસિંહ રાજપૂતે મુંબઈ ખાતે યોજાયેલી 'પશ્ચિમ ક્ષેત્ર નાગરિક ઉડ્ડયન પર મંત્રીઓની પરિષદ'માં ભાગ લીધો. પરિષદમાં શ્રી રાજપૂતે રાજ્યના નાગરિક ઉડ્ડયન ક્ષેત્રને વધુ વેગવંતુ બનાવવા વિવિધ 14 પ્રશ્નોની રજૂઆત કરી. દરમિયાન પ્રશ્નોના હકારાત્મક નિકાલ માટે કેન્દ્રીય નાગરિક ઉડ્ડયન મંત્રી રામમોહન નાયડુએ સંબધિત અધિકારીઓને સૂચન કર્યું.

કેન્દ્ર અને રાજ્ય તથા સરકાર અને ઉદ્યોગ વચ્ચે સહકાર વધારવા તેમજ પશ્ચિમ ભારત માટે હવાઈ પરિવહન વૃદ્ધિ ઝડપી બનાવવાના ઉદ્દેશ સાથે પરિષદનું આયોજન કરાયું, જેમાં હવાઈમથક અને હૅલિપેડ ડૅવલપમેન્ટ મૉડેલ, મેઈન્ટેનન્સ, રિપેર અને ઑવરહૉલ- MRO, રાજ્યો સાથે D.G.C.A. ઈન્ટરફેસ, ડ્રૉન ઑપરેશન્સનું વિસ્તરણ અને ઉડે દેશ કા આમ નાગરિક – ઉડાનના બીજા તબક્કા હેઠળ કનેક્ટિવિટી સહિતની ચર્ચાઓ કરવામાં આવી હતી.